


Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૦ | ૯ જાન્યુઆરી, ૨૦૧૩, બુધવાર; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ટ્રેડ શો ગુજરાતનો વિકાસ કુંભ છે

## ટ્રેડ શો યુવાનો અને વિદ્યાર્થીઓ માટે જ્ઞાન પ્રાપ્તિનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ બનશે છ દિવસ સુધી ચાલનારા એક્ઝિબિશનનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર,તા.૮

ભારતમાં જેમ કુંભમેળો ભરાય છે તેમ ગુજરાતમાં આ વખતે વિકાસનો કુંભમેળો ભરાયો છે જે બિઝનેસ નોલેજ શેરીંગનું સૌથી મોટું પ્લેટફોર્મ સાબિત થયો હોવાનો આશાવાદ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે દુનિયા બદલાઈ રહી છે અને નવી પેઢીને જે જોઈએ છે તેનું એક ઉત્તમ માધ્યમ ગુજરાત બન્યું છે.

ગાંધીનગરના આંગણે એક લાખ ચોરસમીટર વિસ્તારમાં આયોજિત કરવામાં આવેલા વાયબ્રન્ટ ટ્રેડ શો-૨૦૧૩માં ૧૧૯૫ કંપનીઓએ તેમના બિઝનેસ સ્ટોલ ખુલ્લા મૂક્યા છે, જેમાં ૯૦ વિદેશી કંપનીઓએ પણ સાથ આપ્યો છે.

અદાણીના ગૌતમ અદાણી, રિલાયન્સના ગ્રુપ પ્રેસિડેન્ટ પરિમલ નથવાણી, એસ્સારના પ્રશાંત રૂઈયા, ટોરેન્ટના સુધીર મહેતા સહિતના ઉદ્યોગજૂથના અગ્રણીઓની ઉપસ્થિતિમાં વાયબ્રન્ટના ગ્રાડ શો ને ખુલ્લો મૂકતાં મોદીએ જણાવ્યું હતું કે ૨૦૦૩ થી શરૂ થયેલી આ ઈન્વેસ્ટર સમિટ આજે ૨૦૧૩માં એક એવા આયામ ઉપર પહોંચી છે જ્યાં વિશ્વભરના બિઝનેસ ઉત્સુકોના દર્શન થાય છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ વખતે મહિલા ઉદ્યોગ સાહસિકો માટે સરકારે મહિલાઓ માટે અલગ સ્ટોલ ઉભો કરીને મહિલાઓની ઉદ્યોગોમાં પાર્ટનરશીપને વધારે મજબૂત બનાવી છે. મહિલાઓની શક્તિ વિકાસ યાત્રામાં ભાગીદાર બની છે. ઘર પાસે વિકાસની ગંગા આવી છે. ભારતમાં જેમ કુંભમેળાનું અનેરું આકર્ષણ હોય છે તેમ ગુજરાતમાં આ વિકાસનો કુંભમેળો છે, જેમાં માત્ર વ્યાપારનો હેતુ જ નહીં, યુવાનો માટે બિઝનેસના સંસ્કારોનું સર્જન થયું છે.


(તમામ તસવીર : દિપક જાની)

ભારતના રાજ્યોના બિઝનેસ પ્રતિનિધિઓ અને ભારત સરકારનો આભાર માનતા મોદીએ કહ્યું કે ગુજરાત એક એવું સ્થાન બન્યું છે કે જ્યાં ભારતના વિકાસની વાતો થાય છે. દેશના અન્ય રાજ્યો પણ આ પ્રકારના સમિટમાં સાથ આપીને દેશને આર્થિકરીતે મજબૂત બનાવી રહ્યાં છે. ગુજરાત બિઝનેસમાં આ સમિટથી લાંબા સમયના સબંધો ડેવલપ કરવામાં મદદ કરી રહ્યું છે.

આ પ્રસંગે ઈન્ડિયા ટ્રેડ પ્રમોશનના ચેરપર્સન રીટા મેનને કહ્યું હતું કે આ સમિટમાં અને ટ્રેડ શો માં લાંબા ગાળાની ભાગીદારી છે. અત્યાર સુધીમાં દિલ્હીના પ્રગતિ મેદાનમાં ટ્રેડ શોનું આયોજન થતું હતું પરંતુ હવે દેશના રાજ્યો આ પ્રકારના ટ્રેડ શો ના આયોજકો બની રહ્યાં છે, કે જેમાં ઈનોવેશન, ટેકનોલોજી અને વૈશ્વિક નોલેજનું આદાન-પ્રદાન થાય છે.

પ્રારંભમાં ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ મહેશ્વર શાહુએ કહ્યું હતું કે બિઝનેસ ટ્રેડ શો નો પ્રારંભ યુરોપથી થયેલો છે. એફિલ ટાવર પણ એ ટ્રેડ શો નો મેઈન ગેઈટ હતો. ટ્રેડ શો માં પ્રોફેશનલ બનવાનું સૌભાગ્ય હવે ગુજરાતને ફાળે આવ્યું છે જે પહેલાં જર્મની કરતું હતું. ૨૦૧૧ના વાયબ્રન્ટ સમિટના પ્રદર્શનમાં સાત લાખ લોકોએ વિઝિટ કરી હતી, જ્યારે છ દિવસ સુધી ચાલનારા આ ટ્રેડ શો માં ૧૫ લાખ લોકો વિઝિટ કરશે તેવી આશા છે. આ શો માં કુલ ૨૫ હજાર પ્રોડક્ટ્સ મૂકવામાં આવી છે.







## વાઈબ્રન્ટમાં ક્રાફ્ટ વિલેજમાં મુલાકાતીઓનો ઘસારો

ગાંધીનગર, તા.૮

વાયબ્રન્ટ પ્રદર્શનમાં આવેલ ક્રાફટ બજાર આમંત્રિત મહેમાનોનું ધ્યાન ખેંચતું હતું. ક્રાફટ બજારમાં ગૃહશોભા અને કલાત્મક ચીજવસ્તુના વિવિધ સ્ટોલ પર ખરીદવા માટે પહેલા દિવસથી જ લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

ક્રાફટ બજારમાં હાથ બનાવટની કલાત્મક ગૃહશોભાની ચીજવસ્તુ જોવા મળે છે. જેમાં દરિયાઈ ચીજવસ્તુ છીપલા અને શંખની બનાવટની કલાત્મક ચીજવસ્તુનો નજારો જોવા મળે છે. ઘરમાં વાસ્તુશાસ્ત્રને અનુરૂપ શીશમ અને માર્બલ ચીપ્સ લગાવેલ સુંદર કલાકૃતિ ઘરમાં લગાવવા લેવા માટે લોકો ટોળે વળ્યા હતા. વધુમાં હાથવણાટના ચંપલ, ખાદીના શર્ટ, કોપરબેગનો સ્ટોલ, લાકડાની વિવિધ ચીજવસ્તુઓ તેમજ લાકડાના રમકડા જેવા વિવિધ સ્ટોલ આવેલા છે. ગુજરાતના વિવિધ જિલ્લામાંથી હાથે બનાવેલી કલાત્મક ચીજવસ્તુના સ્ટોલ પણ અહીં ઉપલબ્ધ છે.

## ૨૦૫૦માં દુનિયાના શહેરો કેવા હશે

ગાંધીનગર, તા. ૮

વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં ઓસ્ટ્રેલિયાના તજજ્ઞો દ્વારા તૈયાર કરાયેલ આર્કીટેક્ચર બેઈઝ્ડ થ્રીડી શૉ જોવાલાયક નજરાણું બન્યો છે. બે ભાગમાં તૈયાર કરાયેલ આ પ્રોજેક્ટ આર્કીટેક્ટ સંબંધિત વ્યૂઝને મનોરંજક રીતે રજૂ કરે છે. સાઉથ અને વેસ્ટ ઓસ્ટ્રેલિયાના વિવિધ શહેરોને અનુલક્ષી આગામી વર્ષ-૨૦૫૦માં કેવા ઈસ્યુ ઉભા થશે. કેવા શહેરો બનશે તે અંગેનો સંભવિત ચિતાર પણ રજૂ કરાયો છે. જયારે આગામી વર્ષોમાં ટેલીવિઝનની ટેકનોલોજીમાં પણ કેવો બદલાવ આવશે તે અંગે પણ ખ્યાલ આપવામાં આવ્યો છે. શૉ ના અન્ય ભાગમાં શહેરોમાં પાણીનું લેવલ વધે તો શહેરનો નઝારો કેવો દેખાશે તે અંગે પણ ચિતાર રજૂ કરાયો છે. થ્રીડી શૉ નિહાળવા વિશેષ ચશ્માની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## કલાત્મક નકશીકામના વાસણો અને મૂર્તિઓનો જગમગાટ

ગાંધીનગર, તા. ૮

વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં નિર્માણ કરાયેલા વિવિધ ડોમ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. હસ્તકલા અને કલાત્મક નકશીકામના નમૂનાઓ નિહાળવા નગરજનો ઉત્સુક બન્યા છે. જ્વેલરી ડોમમાં કિંમતી અને કલાત્મક દાગીના ઉપરાંત ડાયમંડ જ્વેલરી આંખો આંજી દે તેવી છે. અમદાવાદના વેપારીઓ દ્વારા પણ જ્વેલરી શૉમાં મુકાયેલા નકશીકામવાળા વાસણોએ પણ મુલાકાતીઓમાં આકર્ષણ જમાવ્યું છે. નકશીકામયુક્ત પિત્તળ અને ચાંદીની કલાત્મક વસ્તુઓ પણ જ્વેલરી ડોમની શોભા બની છે. જેમાં ગૃહસુશોભનની વસ્તુઓ, કલાત્મક નકશીકામયુક્ત પાત્રો પ્રાચિન-અતિપ્રાચિન મૂર્તિઓનો પણ સમાવેશ થાય છે. શુધ્ધ કાંસાના વાસણોનો જગમગાટ સહિત કલાના બેનમૂન નમૂનાઓ રજૂ કરાયા છે.








**TVના રીમોટ મળશે**

**આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે**

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪,
ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો : ૯૭૧૪૧૯૮૩૬૬



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

**બુકીંગ ઓપન**
**ફ્લેટ / દુકાનો**
ગાંધીનગર સરગાસણ ચોકડી બાજુમાં ૮૦ ફીટ રોડ એસ.જી. હાઈવે, સ્વીમીંગ પુલ, આધુનિક સુવિધાઓવાળા ફ્લેટો, દુકાનો બુકીંગ માટે મળો.
સંપર્ક : ૯૯૦૯૨૨૮૦૬૩૧
સંપર્ક : ૯૭૨૬૦ ૮૮૩૩૩

